BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

# જુન મહિનાને સિટી ઓફ બ્રૅમ્પટન પ્રાઇડ વર્ચુઅલ માધ્યમથી ઉજવશે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (01 જૂન 2021) – આ વર્ષે સિટી ઓફ બ્રૅમ્પટન પ્રાઇડ વર્ચુઅલ માધ્યમથી ઉજવશે, જેમાં ઓનલાઇન ઈવેન્ટ્સ હશે, સ્વાસ્થ્ય સંબંધી પ્રવૃત્તિઓ અને રંગારંગ કાર્યક્રમો જ્યાં LGBTTIQQ2SA સમુદાય માટે એક સલામત સ્થળની રચના થશે જ્યાં તેઓ તેમના વિભિન્ન અવાજો અને કથાઓની આપ લે કરી શકશે અને ઓળખી શકશે.

પ્રાઇડ ઉત્સવો આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકાર્ય અભિયાન છે જે કરૂણા અને દયાભાવને વધાવી લે છે. વિભિન્ન જૂથો સાથે સંવાદ સાધીને અને પ્રવૃત્ત થઈને બ્રૅમ્પટનમાં પ્રાઇડના ઈવેન્ટ્સ યોજાય છે જેથી ત્યાં રહેલ મોઝેકને ઉજવી શકાય જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમોને સમર્થન આપવામાં આવે છે અને એવા માળખાનો વિકાસ થાય છે જેથી આખા શહેરમાં વિષમતા અને સમાવેશિતાને રોપી શકાય. આ વર્ષના પ્રાઇડ સપ્તાહ દરમિયાનના મુખ્ય મુદ્દાઓમાં સામેલ છે:

- જુન 1ના રોજ બ્રૅમ્પટન મેયર પૅટ્રિક બ્રાઉન સાથે વર્ચ્યુઅલ ધ્વજારોહણ વિધિ
- જુન 6ના રોજ સાંજે 6 થી 8 વાગ્યે ટોરોન્ટો સ્થિત ઇથિઓપિઅન/એરિટ્રિઅન ગાયક-ગીતકાર આયો લિલાની સાથે વિચ પ્રોફેટનો રંગારંગ કાર્યક્રમ
- જુન 7 થી 11 સુધી મોયો હેલ્થ એન્ડ કમ્યુનિટી સર્વિસિસ મધ્યાહ્નથી શરૂ થતી લંચ એન્ડ લર્ન પ્રોગ્રામની શ્રેણી હાથ ધરશે.
- જુન 7ના રોજ સાંજે 8 થી 9 વાગ્યે સિટી ઓફ બ્રૅમ્પટન રિક્રિએશન સાથે યોગ અને ધ્યાનનો એક કલાકનો કાર્યક્રમ થશે
- અલગોમા યુનિવર્સિટી પેનલ ડિસ્કઝનનું આયોજન જુન 8ના રોજ સાંજે 8 વાગ્યે કરશે
- જુન 12ના રોજ સાંજે 8 વાગ્યે બ્રૅમ્પટન પર્ફોર્મિંગ આર્ટ્સ દ્વારા કાર્યક્રમો હાથ ધરાશે.

## પ્રાઇડ ઈન દ સ્ક્વેર

જુન 13ના રોજ TD દ્વારા રજૂ થનાર પ્રાઇડ ઈન દ સ્ક્વેર એક આખા દિવસની વર્ચ્યુઅલ પારિવારિક પ્રવૃત્તિઓની સાથે પાછું ફરશે જેમાં શરૂઆત થશે સવારે 11 વાગ્યે ફે એન્ડ ફ્લફી પ્રસ્તુત સ્ટોરી ટાઇમ; સાંજે 6 વાગ્યે લાઉડ એન્ડ પ્રાઉડ ફિટનેસ ડાન્સ જેન યજમાન બનશે સિટી ઓફ બ્રૅમ્પટન રિક્રિએશન; ક્વિઅરિઆહ: સાંજે 7 વાગ્યે મૅંગો લસ્સી સાથેની વિશેષ પ્રસ્તુતિ, સાથે ઉરવાહ ખાન, કુરત દાર, અલમાસી અને સારગોન. સાંજે 8:30 વાગ્યે મિકાહ બાર્ન્સનો લાઇવ કાર્યક્રમ રજૂ થશે.

સહભાગી થવા માટે અહીં મુલાકાત લો પ્રાઇડ ઈન દ સ્ક્વેર.

બ્રૅમ્પટનમાં પ્રાઇડનું ઉદાર પ્રાયોજન TD દ્વારા થયું છે. પ્રાઇડ સપ્તાહ માટે આયોજીત પ્રવૃત્તિઓની સંપૂર્ણ યાદી માટે અહીં મુલાકાત લો www.brampton.ca/pride.

**સુવાક્યો**

"પ્રાઇડ ઈવેન્ટ્સ LGBTQ+ સમાજને પોતાના વિવિધ અવાજો અને કથાઓની આપલે કરવા અને તેને વધાવવા શક્તિ આપે છે અને રહેવાસીઓને આ સમાજમાં રહેલ અનેક ચહેરા અને ઓળખો અંગે જાણકારી આપે છે. સિટી ઓફ્ બ્રૅમ્પટન એક મોઝેક છે જે વૈવિધ્યને ઉજવે છે અને પ્રાઇડ જેવા ઉત્સવો મારફ્ત રહેવાસીઓને સંપ, બળ અને પ્રવૃત્તતાનો અનુભવ કરાવે છે."

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ્ બ્રૅમ્પટન*

"સિટી ઓફ્ બ્રૅમ્પટન તેના વિવિધ સમુદાયોને સમાવેશિતાના કાચલા મારફ્ત અમારા તમામ કાર્યક્રમો અને સેવાઓથી સ્વીકારવા અને મદદરૂપ થવા પ્રતિબદ્ધ છે. અમારી વૈવિધ્ય અને સમાવેશિતા વ્યુહરચના મારફ્ત અમે ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ તેનાથી આ સમુદાયના લોકો સમેતનું કાર્યબળ વિકસી રહ્યું છે અને આકર્ષાઇ રહ્યું છે."

- *ડેવિડ બારિક, ચીફ્ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (David Barrick, Chief Administrative Officer), સિટી ઓફ્ બ્રૅમ્પટન*

-30-

**કેનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ્ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca